

સરકાર જાપાનીઓને આકર્ષીને ઈન્વેસ્ટમેન્ટલાવવાના પ્રયત્નો કરે છે ને તું ચાઈનીઝ રાખડી ખરીદી લાવી !!



શ્રી પી કે ચૌધરી મહિલા આટ્‌ર્સ કૉલેજ ખાતે તાજેતરમાં યોજાયેલી શપથવિધિની આ તસવીર છે. કૉલેજની ૧૧૫ જેટલી વિદ્યાર્થીનીઓ યંગ રેડક્રોસ મેમ્બર બની તે પ્રસંગે તેમણે આ શપથ લીધા હતા. આ પ્રસંગે



ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બ્રાન્ચના વાઈસ ચેરમેન જિજ્ઞેશ રાવલ, સહમંત્રી મેહુલ શાસ્ત્રી તથા યંગ રેડક્રોસ કો-ઓર્ડિનેટર ડૉ. લીનાબેન સ્વાદિયા ઉપસ્થિત રહ્યા હતા.

## મહર્ષિ અત્રિ શાળાના ખેલાડીઓ ખો-ખો સ્પર્ધામાં ઝળક્યા

ગાંધીનગર, તા. ૩૦

રાંધેજા વિભાગ વ્યાયમ મંડળ દ્વારા તાજેતરમાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા, પીંપળજ મુકામે ખો-ખો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાની ટીમ ચેમ્પિયન બની હતી.

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના અંડર-૧૪ વિભાગના ઉમંગ પટેલ, ધ્રુવ સોજીત્રા, મયંક પટેલ, ગૌરવ અતિત, યોગરાજ વાગડિયા, તીર્થ પટેલ, હેત પટેલ, ઋતુરાજ પ્રજાપતિ, મૌલિક બામણિયા, ઈશ્વર ચૌધરી અને મનન પટેલ આ ચેમ્પિયન ટીમમાં સામેલ હતા.

અંડર-૧૬ ગ્રામીણ વિભાગમાં શાળાના યશપાલ સોલંકી, હેમાંગ પટેલ, હિરેન વાળંદ, અર્પણ પટેલ, યુવરાજ પાવરા, ભાવેશ વીરવાડ, નિકુલ બ્રહ્મભટ્ટ, પલ નવાપરા, રેનિશ પટેલ, રવિ પટેલ, વિમલ પટેલ, રગહિલ સુતરિયા, નિશ્ચલ, રાજન પટેલ અને દીપ પટેલની ટીમે ચેમ્પિયનશીપ મેળવી હતી.

શાળાના ટ્રસ્ટી ભરતભાઈ ઠુમર, હર્ષદભાઈ પટેલ અને શાળાના આચાર્ય ભરતસિંહ રાઠોડે વિજેતા ખેલાડીઓને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

## જે.એમ. ચૌધરી વિદ્યાલય દ્વારા ધાર્મિક સ્થળોનો પ્રવાસ

ગાંધીનગર, તા.૩૦

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ગ્રાન્ટેડ વિભાગમાંથી શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું. જેમાં માધ્યમિક વિભાગમાંથી વિદ્યાર્થીઓ અને ઉચ્ચ માધ્યમિક વિભાગમાં ૭૫ વિદ્યાર્થીનીઓએ પ્રવાસની મજામાણી. પ્રવાસન મંત્રી રમીલાબેન ચૌધરી તથા જયશ્રીબેન ચૌધરીએ પ્રવાસનું મહત્વ સમજાવ્યું હતું. પાવાગઢ, ડાકોર, ગલતેશ્વર, ટુવાટીંબાનો પ્રવાસ કરેલ હતો. આચાર્યા સંતોકબેન ચૌધરીએ શુભેચ્છા પાઠવેલ હતી.

## ગાંધીનગર ડીસ્ટ્રીક રાયફલ સ્પર્ધા યોજાઈ ઈનામ વિતરણ સમારોહ ઓગસ્ટમાં

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર ડીસ્ટ્રીક રાયફલ એસોસીએશન આયોજિત ગાંધીનગર ડીસ્ટ્રીક રાયફલ સ્પર્ધામાં ૨૮૧ શૂટર ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. સબ જુનિયર, જુનિયર, સીનીયર અને ઓપન વિભાગના વિજેતાઓને પ્રમાણપત્ર તથા મેડલો આપવામાં આવશે.

આ સ્પર્ધામાં સંસ્થા પ્રમુખ મહેશભાઈ સોલંકી, સીનીયર પ્રમુખ જસવંતસિંહ રાઠોડ, ખજાનચી ગજેન્દ્રસિંહ બારડ, હિતેન્દ્રસિંહ રાઠોડ, આચાર્ય ધણપ હાઈસ્કુલ, સહમંત્રી લાડાણી અને શેઠ સી.એમ. હાઈસ્કુલએ ખૂબ જ મહેનતને સેવાઓ આપેલ હતી. રેન્જ ઓફીસર તરીકે જય મહેતા હાજર રહ્યા હતા. આર.આઈ. પંડયાએ આભાર વ્યકત કરેલ હતો.

રાઈફલ સ્પર્ધાનું પરિણાન આ પ્રમાણે રહ્યું હતું.

સબ જુનિયર બહેનોમાં પ્રિયા લાડાણી પ્રથમ, યાત્રી એન. લાડાણી દ્વિતીય, સિદ્ધિ બી. સાન તૃતીય.

સબ જુનિયરભાઈઓમાં ચૌહાણ કાર્તિક પ્રથમ, રાજ ડી. પટેલ દ્વિતીય, ખુશ એસ. પટેલ તૃતીય.

જુનિયર બહેનો ધરણી કે. પટેલ પ્રથમ, જુહી એસ. પ્રજાપતિ દ્વિતીય. કિન્નરી એસ. જાટકીયા તૃતીય.

જુનિયર ભાઈઓ : સાર્થક પી. રાવલ પ્રથમ, આસુતોષ પટેલ દ્વિતીય, જીત ભટ્ટ તૃતીય

સીનીયર બહેનોમાં મેઘાવી બી. આનંદ પ્રથમ, નમ્રતા આર. મોઢા દ્વિતીય, હિસલ એમ. સોલંકી તૃતીય,

સીનીયરભાઈઓમાં જય મહેતા પ્રથમ, જયદેવી બા રાઠોડ, દ્વિતીય, એકતાબેન બી. ચાવડા તૃતીય, ઓપન ભાઈઓમાં અનુજ બી. પટેલ, અનિકેત જે. સપમેસરા, દિવ્યરાજસિંહ બી. રાઠોડ તૃતીયક્રમે.

રનિંગ શિલ્ડ બહેનો આર.જી. કન્યા વિદ્યાલય અને ભાઈઓ માટે શેઠ સી.એમ. હાઈસ્કુલને ફાળે ગયેલ છે.

## કડી પીટીસી કોલેજ ખાતે પીટીટીઆઈ આચાર્યની બેઠક

ગાંધીનગર, તા.૩૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત એસ.વી. પીટીસી કોલેજ કડીમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (ડાયે) કુકસ આયોજિત પીટીટીઆઈના આચાર્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ડાયેટ અશોકભાઈ પટેલ તથા ડૉ. દલસંગભાઈ ચૌધરીએ અતિથિ વિશેષ રહી કાર્યક્રમને દીપાવ્યો હતો. આ કાર્યક્રમના આયોજન દરમ્યાન બીજા વર્ષની પ્રથમ તબક્કાની ઈન્ટરશીપ ધોરણ-૬ થી ૮ના નવા અભ્યાસક્રમ અનુસાર આયોજન, પીટીસી પ્રથમ વર્ષ પરિણામ, પ્રાયોગિક પાઠ, સ્થાનિક ટેટ પરીક્ષા આ કાર્યક્રમનું આયોજન એસ.વી. પીટીસી કોલેજના પ્રિ. ડૉ. બાબુલાલ પટેલે કર્યું હતું.

## પ્રેરણા વિદ્યાલય અન્ડર-૧૭ ખો-ખોમાં વિજેતા

ગાંધીનગર, તા.૩૦

પ્રેરણા વિદ્યાલયના ખેલાડીઓએ ઝોન કક્ષાએ રમતોત્સવમાં પશ્ચિમ ઝોનમાં ખોખોની અન્ડર-૧૭ની ટીમ આર.સી. વિદ્યાલયને હરાવીને વિજેતા બની હતી. વિજેતા ટીમમાંથી ૫ વિદ્યાર્થીઓની જિલ્લાકક્ષાએ પસંદગી થઈ છે. જેમાં નિનામા દિપેન્દ્રસિંહ કે., યુવરાજસિંહ એમ. વાઘેલા, ટકીન ડી. મોથલિયા, પુનિત આર મિસ્ત્રી, જીગર પરમારનો સમાવેશ થયા છે. મનિશભાઈ ખત્રીએ ખેલાડીઓને માર્ગદર્શન આપ્યું હતું. આચાર્યા સ્વાતિબા રાઓલ તથા શાળઆ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## શાંતિનિકેતન સ્કૂલનું ગૌરવ લોન ટેનીસ મેચમાં પ્રથમ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર જિલ્લાની લોન ટેનીસની ટુર્નામેન્ટ સ્કુલ ઓફ એવિયરમાં યોજાઈ હતી. આ યુર્નામેન્ટમાં અન્ડર-૧૪ હતી. જેમાં ગાંધીનગરની ૧૬ જેમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં શાંતિનિકેતન સ્કુલના ધોરણ-૭માં અભ્યાસ કરતી વૈદેહી ચૌધરી પ્રથમ નંબરે, ધો.-૭માં અભ્યાસ કરતી ઋત્વી ચૌધરી રનર્સઅપ બની હતી. આ બંન્ને વિદ્યાર્થીઓ વચ્ચે ફાઈનલ યોજાઈ હતી. ઓપન મહિલા કોમ્પીટેશનમાં વૈદહી ચૌધરી પ્રથમ, ઋત્વી ચૌધરીએ દ્વિતીય ક્રમે વિજેતા બનેલ હતી. રાજયકક્ષાએ આ બંને વિદ્યાર્થીઓ પસંદ પામેલ છે. ગાંધીનગર જિલ્લામાં વૈદહીને કેપ્ટનશીપ આપવામાં આવેલ છે. આચાર્ય બીપીનભાઈ રાવલ તથા સમગ્ર પરિવારે અભિનંદન પાઠવેલ હતા.

## ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ, લેકાવાડાનું ગૌરવ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના લેકાવાડા ગામે આવેલી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓએ તાજેતરમાં કુડાસણ ખાતે યોજાયેલી સ્કેટીંગ સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં શાળાના વિદ્યાર્થીઓ અવ્વલ નંબરે વિજેતા થયા હતા.

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલના અક્ષય પટેલે સ્કેટીંગ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ હતું. તથા સાક્ષી પટેલ, ભૂમિકા જાડેજા અને રીતુ ચૌધરીએ સ્કેટીંગ સ્પર્ધામાં ત્રીજો નંબર મેળવ્યો હતો. શાળા પરિવારે વિજેતા ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.



કે.કે. પટેલ વિદ્યાલય કોલવડાના વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ ભૂતપૂર્વ સરપંચ સોનલબા વાઘેલાના પ્રમુખ પદે યોજાયો હતો. કે.જી. થી ધોરણ -૧૦માં અભ્યાસ કરતાં શાળા કક્ષાએ, જિલ્લા કક્ષાએ, રાજ્યકક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીઓને ઈનામો અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. કેળવણીમંડળના હોદ્દેદારો, ગામના અગ્રણીઓ, દાતાઓ હાજર રહેલ હતાં. શાળાના આચાર્યા ભાવનાબાએ સ્વાગત કર્યું હતું. સંચાલન ચિનુભાઈ પટેલે કર્યું હતું. નારાયણભ્મી પટેલે આભાર વિધિ કરેલ હતી.

## રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા ૧૨મીએ ચેસ ટૂર્નામેન્ટ યોજાશે

ગાંધીનગર, તા.૩૦

રોટરી કલબ ઓફ ગાંધીનગર તથા એમ.એમ. સ્પોર્ટસ દ્વારા ગાંધીનગરની જનતા માટે ચેસ ટૂર્નામેન્ટનું આયોજન તા. ૧૨મી ઓગષ્ટ ૨૦૧૨ને રવિવારે જૂના સચિવાલય કેન્ટીન ખાતે કરવામાં આવ્યું છે. રસ ધરાવતા ખેલાડીઓએ નિયત સમયમાં જરૂરી ફી ભરી પોતાનું ફોર્મ જમા કરાવવાનું રહેશે.

ગાંધીનગરમાં ૧૪ વર્ષથી નાની ઉંમરના ચેસ ખેલાડી માટે અને ૧૪ વર્ષથી મોટી ઉંમરના ચેસ ખેલાડીઓ માટે તા. ૧૨મી ઓગષ્ટના રોજ ચેસ ટૂર્નામેન્ટ યોજાશે. ૧૪ વર્ષથી મોટી ઉંમરના ખેલાડીઓ માટે ૧૫૦ રૂ. ફી તથા ૧૪ વર્ષથી નાની ઉંમરના ખેલાડીઓ માટે ૧૨૦ રૂ. ફી નક્કી કરવામાં આવી છે. ૧૪ વર્ષથી નાની ઉંમરના ખેલાડીઓને ઉંમરનો પુરાવો સાથે લાવવા આયોજકોએ ખાસ જણાવ્યું છે.

ચેસ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ કોસમોસ ગૃપ, બી. ૧૮૩/૧૯૪, જી.આઈ.ડી.સી., સેકટર-૨૫ અથવા પ્રકાશ વાણીયા બ્લોક નં. ૨, ઉજો માળ, જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય અથવા એમ.એમ. સ્પોર્ટસ જી-૬, વિજય શોપીંગ સેન્ટર, સેકટર-૧૧, અથવા મંગલ ડિજીટલ સ્ટુડિયો, ૪૩૭, યુટીઆઈ બેંકની પાછળ, સેકટર-૧૬, ગેલેકસી સ્પોર્ટસ, એ-૨, ડિસ્ટ્રીકટ શોપીંગ સેન્ટર, સેકટર-૨૧, અથવા કેતન મેશરી બ્લોક નં. ૪, ૬ઠ્ઠો માળ, એફ.ડી. કેશ બ્રાન્ચ, નવા સચિવાલયનો સંપર્ક સાધવા રોટરી કલબ ઓફ ગાંધીનગરના પ્રમુખ સમીર ત્રિવેદીએ જણાવ્યું છે. આ અંગેની વધુ વિગતો મો.નં. ૯૪૨૬૩૫૬૭૮૪ પરથી મળી શકશે.

## ધોરણ ૧૦ પૂરક પરીક્ષા પરિણામ ૪ ઓગસ્ટે

અમદાવાદ, તા.૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જુલાઈ ૨૦૧૨માં લેવાયેલી ધો. ૧૦ એસએસસી પૂરક પરીક્ષાનું પરીણામનું તા. ૪થી ઓગસ્ટ શનિવારના રોજ સવારે ૧૧ થી બપોર ૪ વેળા જાહેર કરવામાં આવશે. આ દિવસે શાળાના પ્રતિનિધિને મોકલી પરિણામ મેળવી શાળાઓને જાણ કરવામાં આવે છે. આ દિવસે પરીણામ નહીં મેળવનાર શાળાઓને વડોદરા સ્થિત બોર્ડની કચેરી ખાતેથી પોતાનું પરિણામ મેળવવાનું રહેશે.

## યુગનાયક સ્વામી વિવેકાનંદ

- રજનીકાંત ભટ્ટ

## ભારતના પુનરુત્થાનનો પથ - ૨



॥ સત્તરમો મણકો ॥

ભારતની બહારના વિશ્વ વિના આપણને ચાલે તેમ નથી. આપણે ચલાવી શકીશું એમ ધાર્યું હતું એ આપણી મૂર્ખાઈ હતી. અને એનો દંડ આશરે એક હજાર વર્ષની ગુલામી રૂપે આપણે ચૂકવ્યો છે. દેશની બહાર જઈને બીજી પ્રજાઓ સાથે આપણી તુલના કરી નહિ, આપણી આસપાસ ચાલી રહેલી પ્રવૃત્તિઓને લક્ષમાં લીધી નહિ એ ભારતીય માનસના પતનનું એક મહાન કારણ છે. હવે ફરી આપણે એવી ભૂલ ન કરીએ તો સારું.

બીજાઓ પાસેથી આપણે શીખવાનું છે. પ્રથમ જમીનમાં બીજ વાવો, પછી તેને વધવા માટે પૂરતા પ્રમાણમાં જમીન, જળ, હવા, તડકો વગેરે આપો. હવે જ્યારે બીજ અંકુરિત થઈને આખરે વિશાળ વૃક્ષ બને ત્યારે શું એ જમીન બની જાય છે ? હવે કે જળ થઈ જાય છે ? એ તો પોતાને આપેલાં બધાં દ્રવ્યોને પોતાનામાં સમાવી લઈને પોતાની પ્રકૃતિ અનુસાર કોઈ મોટો છોડ કે વૃક્ષ બને છે. આપણી સ્થિતિ પણ એવી જ હોવી જોઈએ. બીજાઓ પાસેથી આપણે ઘણું શીખવાનું છે. અરે, જે નવું શીખવાની ના પાડે તે મરેલો જ છે !

પવિત્રતાની પ્રબળ ભાવનાથી પ્રજ્વલિત થયેલા ઈશ્વરમાં અનંત શ્રદ્ધા રાખીને દઢનિશ્ચયી બનેલાં અને દીન, અધઃપતિત તથા પદદલિત લોકો પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા સિંહ જેવી હિંમત રાખીને મુક્તિ, સહાય, સામાજિક ઉત્થાન અને સમાનતાનો બોધ આપતા એક લાખ સ્ત્રી-પુરુષોએ દેશના એક છેડાથી બીજા છેડા સુધી ઘૂમી વળવું જોઈએ.

મને શ્રદ્ધા છે કે તમારા જેવા વિનમ્ર, ગરીબ છતાંત નિમકહલાલ મનુષ્યોમાં ઈશ્વરમાં શ્રદ્ધા રાખો. ચાલાકી કરશો નહિ. એમાં કશું વળશે નહિ. દુખી મનુષ્યો પ્રત્યે સહાનુભૂતિ રાખો અને સહાય માટે ઊંચે અર્થાત્ ઈશ્વર તરફ જુઓ. એ સહાય અચૂક આવી મળશે. મારા હૃદય પર આ બોજો ધારણ કરીને અને મગજમાં આ વિચાર રાખીને બાર-બાર વરસ સુધી હું ભટક્યો છું. કહેવાતા ધનિકો અને મોટા માણસોના ઘરે ઘરે ધક્કા ખાધા છે. સહાયની શોધમાં લોહી નીંગળતા હૃદયે, અર્ધી દુનિયા ઓળંગીને હું આ પરદેશ આવેલો છું. ઈશ્વર મહાન છે. હું જાણું છું કે તે મને સહાય કરશે. આ ભૂમિમાં ટાઢથી કે ભૂખથી ભલે મારું મૃત્યુ થાય. પણ યુવાનો, ગરીબ, અજ્ઞાન અને દલિતો માટેનો આ જંગ અને સહાનુભૂતિની ભાવના હું તમને વારસામાં સોંપું છું.

અત્યારે આ પળે જ ભગવાન પાર્થસારથિના મંદિરમાં જાઓ, જે ગોકુળનાં દીન અને નમ્ર ગોવાળોના મિત્ર હતા. જેણે અંત્યજ ગુહકને ભેટતાં જરા પણ સંકોચ કર્યો ન હતો, અને જેણે બુદ્ધાવતારમાં ભદ્ર કુળના શ્રીમંત કુલીનોના આમંત્રણને ઠુકરાવીને એક વેશ્યાનું આમંત્રણ સ્વીકાર્યું હતું, અને તેને તારી હતી, એવા ઈશ્વરને પ્રણામ કરો. તથા જેમના માટે એ પ્રભુ વારંવાર અવતાર ધારણ કરે છે અને જેમને એ સૌથી વિશેષ ચાહે છે એવા ગરીબ, અધમ અને દલિતો માટે મહાન બલિદાન - સમસ્ત જીવનનું બલિદાન આપો ! દિન-પ્રતિદિન અધમ અવસ્થામાં ઊતરતાં જતા આ કરોડો લોકોની મુક્તિ માટે તમારું જીવન સમર્પણ કરવાનું વ્રત લો.

જ્યારે સેંકડો વિશાળ હૃદયી નરનારીઓ જીવનના સુખોપભોગની તમામ તૃષ્ણાનો ત્યાગ કરશે અને દારિદ્રય અને અજ્ઞાનની ગર્તામાં ધીમે ધીમે વધુ ને વધુ ઊંડે ખૂંપતા જતા પોતાના લાખો દેશવાસીઓના કલ્યાણની ઝંખના સેવીને પોતાથી બનતો પુરુષાર્થ કરી છૂટશે ત્યારે જ ભારત વર્ષ જાગૃત થશે. મારા શુદ્ધ જીવનમાં પણ મેં અનુભવ્યું છે કે મંગળ ભાવનાઓ, હૃદયની સચ્ચાઈ અને અનંત પ્રેમ દ્વારા વિશ્વને જીતી શકાય. આવા ગુણોથી સંપન્ન થયેલી એક વ્યક્તિ પણ લાખો દંભી અને પાશવી મનુષ્યોની મેલી મુરાદોને ધૂળમાં મેળવી શકે છે. (અપૂર્ણ)

## ચિલ્ડ્રન યુનિવર્સિટીના શિશુવિહાર કેન્દ્રના ઉપક્રમે બાળકો માટે તાલીમ

ગાંધીનગર, તા. ૩૦

આગામી તા. ૩-૪ ઓગષ્ટ દરમ્યાન ધોરણ ૫ થી ૮ના બાળકો માટે શિશુવિહાર સંસ્થામાં બાળ તાલીમ વર્ગો યોજાશે. આ તાલીમ વર્ગમાં બાળકોને નિષ્ણાંતો દ્વારા ચિત્ર, ઓરેગનો, બાળગીતો, સંગીત, યોગ, ક્વિઝ ગેઈમની તાલીમ આપવામાં આવશે. આ તાલીમ માટે જરૂરી તમામ સાધનો બાળકોને શિશુવિહાર કેન્દ્રથી આપવામાં આવશે. શુક્ર-શનિ દરમ્યાન સવારે ૧૧.૩૦થી સાંજના ૫.૩૦ દરમ્યાનના આ કાર્યક્રમમાં એક બેચમાં ૩૦ બાળકો લેવાના હોય વહેલા તે પહેલા ધોરણે બાળકોને પ્રવેશ મળશે.

સિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા યોજાનાર આ કાર્યક્રમમાં તા. ૩ ઓગષ્ટે સાંજના ૫ થી ૬ વાલીઓ માટેની સભા તથા એ જ દિવસે રાત્રે ૯.૩૦ એ આકાશ દર્શનનો કાર્યક્રમ રહેશે.

# પુષ્પની મધુ પામવા માટેની પાત્રતા માત્ર પતંગિયાં પાસે જ હોય છે

## આવો, નવું કોઈ ગીત બનીએ, પરસ્પર ચાહી પ્રીત બનીએ, માનવ છીએ તેથી મીત બનીએ, આપણે નવી કોઈ રીત બનીએ

વિશ્વનો જ્યારથી જન્મ થયો છે ત્યારથી પ્રીત વિષે મતમતાંતર ચાલ્યા કરે છે. સદીઓથી પ્રેમની વાતો કરતો માનવી આખરે એક પ્રશ્ન ઉપર ઊભો રહી જાય છે અને ભિન્ન-ભિન્ન વાતો અને વિચારો રજૂ કરે છે. આજે આ જ પ્રશ્ન ફરી મારે પૂછવો છે કે પ્રેમ એટલે શું ?

અફાટ વિશ્વમાં સૌ પ્રેમ કરે છે અને પ્રેમ કર્યા વગર કોઈ રહી શકતું નથી. કેમ કે જ્યાં હૃદય છે ત્યાં પ્રેમનો ધબકાર હશે જ. તૂન્ડે તૂન્ડે મતિર્ ભિન્નાની જેમ ચાલો જાણીએ અલગ અલગ પ્રેમની પરિભાષા.

કવિ હૃદય કે પ્રકૃતિ પ્રેમી માટે કુદરતી દરેક ચીજમાં અખૂટ પ્રેમ છૂપાયેલો દેખાશે. સામાન્ય મનુષ્યમાં અને પ્રીત અને પ્રકૃતિ પ્રેમીમાં આજ તો તફાવત છે.

પુષ્પની મધુ પામવા માટેની પાત્રતા માત્ર પતંગિયાં પાસે જ હોય છે. માણસ ગુલાબમાંથી ગુલકંદ, ગુલાબજળ કે અત્તર બનાવી શકે પરંતુ મધ ન પામી શકે. ધરતીમાંથી ઘણું બધું ઊગે છે પરંતુ ભગવાનને થયું લાવને કવિતા ઉગાડું. અને તેણે પુષ્પનું સર્જન કર્યું. લોકો કહે છે, પતંગિયું પુષ્પ ઉપર બેઠું છે.



માણસની ભાષા પણ માણસની કક્ષાની. માણસ આસન ઉપર બેસે તેમ પતંગિયું પુષ્પ ઉપર બેસતું નથી. પુષ્પ અને પતંગિયું એકરૂપ બને ત્યારે સમાધિ એટલે શું તે માંડ સમજાય છે. પુષ્પ પૃથ્વીના સ્મિતને આકાશે પહોંચાડે છે. પ્રકૃતિના પ્રેમની આ જ પરિભાષા છે.

ધોરણ-૪માં ભણતી એક છોકરીએ ધોરણ-૧૦માં ભણતી મોટી બહેનને પૂછ્યું કે હું દરરોજ તારા દફતરમાંથી ચોક્કસ ખાનામાંથી ચોકલેટ લઈને ખાઈ જાઉં છું છતાં તું રોજ ત્યાં જ ચૉકલેટ કેમ મૂકે છે ? જવાબમાં માત્ર સ્મિત મળ્યું. છે ને બહેનનો નિર્મળ પ્રેમ ! આ છે તરુણ બહેનનો પ્રેમ.

સફરજન ત્રણ હોય અને ખાનારા ચાર હોય ત્યારે મા કહેશે, મને સફરજન ભાવતું નથી, મને તકલીફ થાય છે. આ છે માનો પ્રેમ.

સ્વાર્થના પ્રેમ આગળ માનો પ્રેમ હંમેશા શ્રેષ્ઠ રહ્યો છે. પત્ની ઘેલો પતિ જ્યારે પત્નીની માગણીને પ્રેમ સમજી માનું મસ્તક કાપી પાછો ફરતો હોય અને ઠેસ વાગતાં માનું કપાયેલું મસ્તક બોલી ઊઠે, 'ખમ્મા બેટા, તને વાગ્યું તો નથી ને ?' ત્યારે જણાય છે માનો વિરાટ પ્રેમ. અને સમજાય છે પત્નીનો સ્વાર્થી પ્રેમ. એથી વિપરીત વાત પણ છે. માત-પિતાની ઈચ્છાને પૂર્ણ કરવા શ્રવણ જેવો દીકરો કાવડ લઈ ચારે ધામ ફર્યો અને પ્રાણ ગૂમાવ્યા. આ છે પુત્રનો પ્રેમ. આજના યુગમાં આવા અસંખ્ય શ્રવણો પણ છે અને બીજી બાજુ વૃધ્ધાશ્રમોમાં જગ્યા નથી. સમાજની બંને તાસીર હૃદયને સ્પર્શી જાય છે.

દેશ કાજે સરહદ ઉપર જાનની બાજી લગાડતા જવાનને પ્રેમની વ્યાખ્યા પૂછવાની ન હોય. કેમ કે આવા વીર જવાનો માટે ખૂદ પુષ્પ ગાઈ ઊઠે છે,

...મુજે તોડ લેના બનમાલી, ઉસ પથ મેં તુ દેના ફેંક
માતૃભૂમિ પર શીશ ચઢાને, જીસ પથ જાયે વીર અનેક !

દેશભૂમિના ચાહકોની જેમ દેવભૂમિના ચાહકોની ભાષામાં પ્રેમ એટલે પ્રભુ સ્મરણ.

શ્વાસ શ્વાસ હરી નામ જપ, વૃથા શ્વાસ મત ખોય
ના જાને ઇસ શ્વાસ કા, ફિર આના હો યા ના હોય

સવારથી સાંજ પોતાના કર્તવ્ય અથવા નોકરી કે વ્યવસાયમાં જોતરાયેલો પ્રામાણિક માણસ કર્મને જ પ્રેમનું નામ આપશે. અને પ્રેમ વિષે વધુ પૂછતાં જવાબ મળશે, કર્મ શ્રધ્ધા સે કરો, સ્પર્ધા સે ન કરો. કારણ કે -

કર્મ કીએજા ફલ કી ચિન્તા મત કર એ ઇન્સાન,
જૈસા કર્મ કરેગા વૈસા ફલ દેગા ભગવાન

મિત્રો, પ્રેમ એ શું છે ? એ સવાલનો જવાબ કદાચ અલગ અલગ આવશે. પ્રેમીનો પ્રેમનો મતલબ જૂદો હશે પરંતુ દરેક પ્રેમ કરનાર જેને પ્રેમ કરે છે તેને માટે ગમે તેવી સમર્પણની ભાવના ધરાવતો હોય છે. દરેક મનુષ્ય કશુંક તો અને કશાકને ચાહે જ છે. હા, યોગ્ય કે અયોગ્ય ચાહત એ ચર્ચાનો વિષય



બની શકે. પરંતુ 'બી પોઝીટીવ' પ્રમાણે વિચારતાં જો વ્યક્તિ સાચી ભાવનાથી પ્રેમને વફાદાર રહે તો જરૂર ઈશ્વરપદને પ્રાપ્ત કરી શકે. નકારાત્મક ચાહતના અંતથી આપણે વાકેફ છીએ. પરપીડન કે પરદુખે ખુશ થનારાઓનો કદાચ એક વર્ગ હોય છે. પરંતુ સદભાવના અને સતપુરુષોના પ્રયત્નો જરૂર રંગ લાવશે અને સમાજમાં સાત્ત્વિક પ્રેમની પ્રબળ જ્યોત પ્રગટશે તથા વિરાટ વિશ્વ પ્રેમના સાગરમાં આનંદનું ગાન ગાતું થશે તેમાં જરા પણ શંકા નથી.

હા કદાચ શરૂમાં નિષ્ફળતા મળે પરંતુ પોતાના વર્તનને નિર્મળ રાખવાથી પ્રસન્નતા નિખરી ઊઠશે. કદાચ એવું પણ હોય :

ઉમ્રભર યહી ગલતી બારબાર કરતા રહા,
ધૂલથી ચહેરે પે ઔર આયના પોંછતા રહા

- હર્ષદરાય ઉપાધ્યાય (minu_hc@yahoo.com)